GJGS070005822018

| **તાલાલાના મહે. જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં**<br>**રજુ તાઃ**–૨૬/૧૦/૨૦૧૮<br>**દાખલ તાઃ**–૨૬/૧૦/૨૦૧૮<br>**ફોજદારી કેસ નં.**–૩૮૩/૨૦૧૮<br>**ગુ.ર.નં. –** ૪૪/૨૦૧૮<br>**ફેસલ તાઃ**–૦૨/૦૭/૨૦૨૬<br>**આંકઃ–** | |
|---|---|
| **ફરિયાદી** | **પુરીબેન વા/ઓ. મેણસીભાઇ ભગવાનભાઇ પંપાણીયા** |
| ફરિયાદ પક્ષ તરફે | વિ.એ.પી.પી.શ્રી આઇ.એચ.તુર્ક |
| **આરોપીઓ:–** | **(૧) માલદેભાઇ રામસીભાઇ સોલંકી,**<br>ઉં.આ.વ–૩૩, ધંધોઃ–ખેતી,<br>**(૨) સંજયભાઇ ઉર્ફે બાવલો રામસીભાઇ સોલંકી,**<br>ઉં.આ.વ–૨૮, ધંધોઃ–ખેતી,<br>બંને રહે.આંબળાશ, તા.તાલાલા, જી.ગીર સોમનાથ. |
| આરોપીઓ તરફે | વિ.વ. શ્રી એસ.જી.રાઠોડ. |

## –// <u>ફોર્મ–બી</u> //–

| | |
|---|---|
| બનાવની તારીખ | તા.૨૯/૦૬/૨૦૧૮ |
| એફ.આઇ.આર.ની તારીખ | તા.૨૯/૦૬/૨૦૧૮ |
| ચાર્જશીટ કર્યા તારીખ | તા.૨૬/૧૦/૨૦૧૮ |
| ચાર્જફ્રેમ કર્યા તારીખ | તા.૨૨/૦૫/૨૦૧૯ |
| પુરાવો શરૂ કર્યા તારીખ | તા.૧૮/૦૬/૨૦૨૬ |
| જજમેન્ટ પર મુક્યા તારીખ | તા.૦૨/૦૭/૨૦૨૬ |
| જજમેન્ટ આપ્યા તારીખ | તા.૦૨/૦૭/૨૦૨૬ |
| સજાનો હુકમ | નિર્દોષ ઠરાવેલ છે |

## –// <u>આરોપીઓની વિગત</u> //–

| આરોપી નંબર | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન ઉપર મુકત થયા તારીખ | ગુનાની કલમ | છુટી ગયો કે સજા થઇ | ફરમાવેલ સજા | ક્રિ.પ્રો.કોડની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ દરમ્યાન |
|---|---|---|---|---|---|---|---|

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | અટકાયતી સમય |
| ૧ | માલદેભાઇ રામસીભાઇ સોલંકી | – | – | ઇ.પી.કો.કલમ–૩૨૩, ૩૨૫, ૪૪૭, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ | નિર્દોષ ઠરાવેલ છે | – | – |
| ૨ | સંજયભાઇ ઉર્ફે બાવલો રામસીભાઇ સોલંકી | – | – | | નિર્દોષ ઠરાવેલ છે | – | – |

## –// ફોર્મ–સી //–

**સદર કામે ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબનો મૌખિક પુરાવા રજુ કરેલો છે.**

| અ.નં. | આંક | સાહેદનુ નામ | રિમાર્કસ |
|---|---|---|---|
| (૧) | ૫૪ | પુરીબેન મેણસીભાઇ પંપાણીયાની જુબાની. | ફરીયાદી |
| (૨) | ૫૬ | ભીનીબેન કાળાભાઇ પંપાણીયાની જુબાની. | સાહેદ |
| (૩) | ૫૭ | અરશીભાઇ ભગવાનભાઇ પંપાણીયાની જુબાની. | સાહેદ |

**સદર કામે ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબનો દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.**

| અ.નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| (૧) | ૪૮ | સ્થાનિક જગ્યાનુ પંચનામુ. |
| (૨) | ૫૫ | ફરિયાદ. |
| (૩) | ૫૮ | અટક પંચનામુ. |
| (૪) | ૫૯,૬૦ | મેડીકલ સર્ટીફીકેટ. |
| (૫) | ૬૧ | જાહેરનામુ. |
| (૬) | ૬૨ | સમાધાન પુરસીસ. |
| (૭) | ૬૩ | કલોઝીંગ પુરસીસ. |

## – :: ઠ રા વ ::–

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા.૨૯/૦૬/૨૦૧૮ ના કલાક ૧૨/૩૦ વાગ્યે ફરીયાદીએ આંબળાશ ગામની સીમમાં છ વીઘાનો બગીચો લીધેલ હોય જેમાં ઘરના સભ્યો ખેડ કામ કરવા ગયેલ ત્યારે બાજુની જમીન વાળા આરોપીઓએ આવી ફરીયાદીને તમોએ લીધેલ જમીન કરતા વધારે કેમ ખેડેલ છે તેમ કહી ભુંડી ગાળો આપી બોલાચાલી કરી, આરોપી નં.૧ એ લાકડીથી એક ઘા ફરીયાદીને કોણીથી નીચેના ભાગે તથા વાસામાં બે ઘા મારી મુંઢ ઇજા કરી ફરીયાદીના હાથમાં ફ્રેકચર કરી તેના ખેતરમાં અપપ્રવેશ કરી, જાનથી મારી નાંખવાની ધમકી આપી એકબીજાએ મદદગારી કરી હથિયારબંધીના જાહેરનામાનો

ભંગ કરી ગુન્હો કરતા, તે અંગેની આ કામના ફરીયાદીએ ફરીયાદ કરતા આરોપીઓ વિરૂધ્ધ તપાસના અંતે પુરતા પુરાવા મળી આવતા હાલના ગુનાનુ ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) ત્યારબાદ આ કામના આરોપીઓને આ અદાલત દ્વારા સમન્સ કરતા, આરોપીઓ આ અદાલત સમક્ષ હાજર થયેલ છે અને આરોપીઓને પોલીસ તપાસના કાગળોની નકલો ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે આપવામાં આવેલ છે. ત્યારબાદ આ કામે આંક–૦૭ થી તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે જે અન્વયે આંક–૦૮ તથા ૦૯ થી આરોપીઓની ગુન્હા અંગેની પ્લી નોંધવામાં આવતા, આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરતા કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩) આ કામે ચાલતા કામે બંને પક્ષકારો વચ્ચે ઘરમેળે સમાધાન થતા આંક–૬૨ થી સમાધાન અંગે પુરસીસ રજુ થતા તે અનુસંધાને તેઓને રૂબરૂમાં પુછતા તેઓએ સમાધાન સ્વૈચ્છાએ અને કોઈપણ જાતના ધાક ધમકી કે દબાણ વગર સમાધાન કરેલાનું જણાવેલ છે.

(૪) આ કામે ખુદ ફરીયાદીએ વિશેષ પુરાવો આપવા માંગતા નથી તેવુ આંક–૬૩ ની પુરસીસથી જાહેર કરેલ છે તેમજ કેસના સંજોગો વિચારણામાં લેતા પોલીસ રીપોર્ટમાં દર્શાવેલ અન્ય સાક્ષીઓ તપાસવાથી પણ કેસની હકીકત નિશંકપણે પુરવાર થઈ શકે તેવી સંભાવના ન હોય તે તમામ સંજોગોમાં નામદાર સર્વોચ્ચ અદાલતના **નરીન્દરસિંહ અને બીજાઓ વિ.સ્ટેટ ઓફ પંજાબ અને બીજાઓ, ક્રી.એ.નં. ૬૮૬/૨૦૧૪, તારીખ : ૨૮–૩–૨૦૧૪, માન. જસ્ટીસશ્રી એ.કે.સીકરી,** તેમજ **સતીષ મહેરા વિ. દીલ્હી એડમીનીસ્ટ્રેશન ૧૯૯૬(૩), ક્રાઈમ્સ–૮૫** નો ચુકાદો તથા **નીખીલ મરચન્ટ વિ. સી. બી.આઈ. ૨૦૦૮(૯) એસસીસી:૬૭૭** તથા **મદનમોહન વિ.સ્ટેટ ઓફ પંજાબ ૨૦૦૮(૪) એસ.સી.સી.૫૮૨** ના ચુકાદાઓમાં સર્વોચ્ચ અદાલત ઠરાવેલ સિધ્ધાંત મુજબ જયારે પક્ષકારો વચ્ચે મૌખિક સમાધાન થઈ ગયેલાનુ જણાતુ હોય ત્યારે અદાલતે સમાધાન સ્વીકારવું જોઈએ અને જયારે આરોપીને તકસીરવાન

ઠરાવવાની કોઈ શકયતા જણાતી ન હોય ત્યારે અદાલતે આવા પ્રોસીડીંગ આગળ ચલાવવા ફ્યુટાઈલ એકસરસાઈઝ કરવી ન જોઈએ તે સિધ્ધાંત વિચારણામાં લેતા ફરીયાદીપક્ષનો પુરાવો પુરો કરવામાં આવે છે.

**(૫)** ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીઓનુ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ હેઠળ વિશેષ નિવેદન લેવા લાયક પુરાવો ન હોય જેથી આરોપીઓનુ વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી. ત્યારબાદ બંને પક્ષકારોની દલીલો સાંભળી.

**(૬)** ઉપરોકત હકીકતે કેસના નિર્ણય માટે નીચે મુજબનો મુદો ઉપસ્થિત થાય છે.

**–:: મુદાઓ ::–**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૨૯/૦૬/૨૦૧૮ ના કલાક ૧૨/૩૦ વાગ્યે ફરીયાદીએ આંબળાશ ગામની સીમમાં છ વીઘાનો બગીચો લીધેલ હોય જેમાં ઘરના સભ્યો ખેડ કામ કરવા ગયેલ ત્યારે બાજુની જમીન વાળા આરોપીઓએ આવી ફરીયાદીને તમોએ લીધેલ જમીન કરતા વધારે કેમ ખેડેલ છે તેમ કહી ભુંડી ગાળો આપી બોલાચાલી કરી, આરોપી નં.૧ એ લાકડીથી એક ઘા ફરીયાદીને કોણીથી નીચેના ભાગે તથા વાસામાં બે ઘા મારી મુંઢ ઈજા કરી ફરીયાદીના હાથમાં ફ્રેકચર કરી તેના ખેતરમાં અપપ્રવેશ કરી, જાનથી મારી નાંખવાની ધમકી આપી એકબીજાએ મદદગારી કરી હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી આઇ.પી.સી.કલમ–૩૨૩, ૩૨૫, ૪૪૭, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૭)** ઉપરોકત મુદાનો મારો નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

(૮) આ માટેના કારણો નીચે મુજબ છે.

**–:: કા ર ણો ::–**

**મુદા નં.૧ :–**

(૯) આ કામમાં રેકર્ડ ઉપર રજુ થયેલો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો તથા બંને પક્ષોની દલીલોને ધ્યાને લેતા આ કામે ફરીયાદપક્ષે આંક–૫જ થી ફરીયાદી પુરીબેન મેણસીભાઇ પંપાણીયાને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, બનાવ આઠેક વર્ષ પહેલા બનેલ ત્યારે તેઓ તથા તેઓની દેરાણી ભેનીબેન તથા જહુબેન તથા અરશીભાઇ તથા ગોવિંદભાઇ તથા નગાભાઇ તથા રાહુલભાઇ એમ બધા પરીવારના સભ્યો મોટર સાયકલ તથા ટ્રેકટર લઇને આંબળાશ ગામે જમીન લીધેલ હોય ત્યાં આવેલા અને પથ્થરો જમીનમાંથી વીણતા હતા ત્યારે બપોરના સમયે જમીનની બાજુવાળા માલદેભાઇ તથા બાવકુભાઇ બંને આવેલા અને કહેવા લાગેલ કે તમને સવારે જે જગ્યા સુધી ખેડવાનુ કહેલ હતુ તે જગ્યાનુ વધારે કેમ ખેડેલ છે તેમ કહીને બંને ભાઇઓ બોલાચાલી કરવા લાગેલા. જેથી બોલાચાલી કરવાની ના પાડતા રાડારાડી કરવા લાગેલા અને બધા ભેગા થઇ ગયેલા અને એકબીજાને છોડાવવા જતા જપાજપી અને ધકકામુકકીમાં પડી જતા તેઓને ઇજાઓ થયેલી અને તેની સારવાર કરેલી અને આરોપી વિરૂધ્ધ રોષના કારણે ફરીયાદ આપેલી, જે ફરીયાદ આ કામે આંક–૫૫ થી રજુ છે. તે સીવાય અન્ય બીજુ કાંઇ બનેલ નહી. એવુ બનેલ નથી કે, આરોપીઓએ તેઓને કોઇ હથિયાર વડે માર મારેલ હોય કે ગાળો આપેલ હોય કે જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય. આ સાહેદને વિ.એ.પી.પી.શ્રી દ્વારા ફરી ગયેલ જાહેર કરી ઉલટતપાસ કરવા છતા તેઓએ પોતાની પોલીસ રૂબરૂની ફરીયાદની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

જયારે સાહેદે આરોપી તર્ફેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ કામના આરોપીઓએ તેઓની ઉપર સામે કેસ કરેલ તેમજ તેઓને સમાધાન થઇ ગયેલ છે તેમજ તેઓને કોઇએ માર મારેલ નથી કે ગાળો આપેલ નથી કે જાનથી મારી નાંખવાની ધમકી આપેલ નથી તેમજ તેઓને ધકકામુકકીમાં પડી જવાથી ઇજા થયેલ છે તેમજ તેઓને ઘરમેળે સમાધાન થઇ ગયેલ છે જેથી કેસ આગળ ચલાવવા માંગતા નથી કે કોઇ વિશેષ પુરાવો આપવા માંગતા નથી તેમજ પોલીસે તૈયાર કાગળોમાં અંગુઠો કરાવી લીધેલ છે અને તેઓને કાંઇ વાંચી સંભળાવેલ નથી તેમજ કોઇના હાથમાં કોઇ હથિયાર ના હતુ.

(૧૦) આ કામે ફરીયાદપક્ષે આંક–૫૬ થી સાહેદ ભીનીબેન કાળાભાઇ પંપાણીયા તથા આંક–૫૭ થી સાહેદ અરશીભાઇ ભગવાનભાઇ પંપાણીયા નાઓને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, બનાવ આઠેક વર્ષ પહેલા બનેલ ત્યારે તેઓ તથા પુરીબેન તથા જહુબેન તથા ગોવિંદભાઇ તથા નગાભાઇ તથા રાહુલભાઇ એમ બધા પરીવારના સભ્યો મોટર સાયકલ તથા ટ્રેકટર લઇને આંબળાશ ગામે જમીન લીધેલ હોય ત્યાં આવેલા અને પથ્થરો જમીનમાંથી વીણતા હતા ત્યારે બપોરના સમયે જમીનની બાજુવાળા માલદેભાઇ તથા બાવકુભાઇ બંને આવેલા અને કહેવા લાગેલ કે તમને સવારે જે જગ્યા સુધી ખેડવાનુ કહેલ હતુ તે જગ્યાનુ વધારે કેમ ખેડેલ છે તેમ કહીને બંને ભાઇઓ બોલાચાલી કરવા લાગેલા. જેથી બોલાચાલી કરવાની ના પાડતા રાડારાડી કરવા લાગેલા અને બધા ભેગા થઇ ગયેલા અને એકબીજાને છોડાવવા જતા જપાજપી અને ધકકામુકકીમાં પડી જતા તેઓને ઇજાઓ થયેલી અને તેની સારવાર કરેલી અને આરોપી વિરૂધ્ધ રોષના કારણે પુરીબેને ફરીયાદ આપેલી. તે સીવાય બીજુ કાંઇ બનેલ નહી. એવુ બનેલ નથી કે, આરોપીઓએ તેઓને કોઇ હથિયાર વડે માર મારેલ હોય કે ગાળો આપેલ હોય કે જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય. આ સાહેદોને વિ.એ.પી.પી.શ્રી દ્વારા ફરી ગયેલ જાહેર કરી ઉલટતપાસ કરવા છતા તેઓએ પોતાના પોલીસ રૂબરૂના નીવેદનની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

જયારે સાહેદોએ આરોપી તર્ફેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ કામના આરોપીઓએ તેઓની ઉપર સામે કેસ કરેલ તેમજ તેઓને સમાધાન થઇ ગયેલ છે તેમજ તેઓને કોઇએ માર મારેલ નથી કે ગાળો આપેલ નથી કે જાનથી મારી નાંખવાની ધમકી આપેલ નથી તેમજ તેઓને ધકકામુકકીમાં પડી જવાથી ઇજા થયેલ છે તેમજ તેઓને ઘરમેળે સમાધાન થઇ ગયેલ છે જેથી કેસ આગળ ચલાવવા માંગતા નથી કે કોઇ વિશેષ પુરાવો આપવા માંગતા નથી તેમજ પોલીસે તેઓનુ માત્ર નામઠામ પુછેલુ તે સીવાય બીજુ કાંઇ પુછેલ નહી કે તેઓએ કાંઇ લખાવેલ નહી તેમજ કોઇના હાથમાં કોઇ હથિયાર ના હતુ.

(૧૧) આમ, આ કામે સમગ્ર પુરાવો ધ્યાને લેવામાં આવે તો, આ કામે ફરીયાદી પુરીબેન મેણસીભાઇ પંપાણીયાને આંક–૫૪ થી તપાસેલા છે, પરંતુ તેઓએ આંક–૫૫ ની ફરીયાદથી વિરૂધ્ધની જુબાની આપેલ છે. જયારે આરોપી તર્ફેની ઉલટતપાસમાં

ફરીયાદીએ જણાવેલ છે કે, આ કામના આરોપીઓએ તેઓની ઉપર સામે કેસ કરેલ તેમજ તેઓને સમાધાન થઇ ગયેલ છે તેમજ તેઓને કોઇએ માર મારેલ નથી કે ગાળો આપેલ નથી કે જાનથી મારી નાંખવાની ધમકી આપેલ નથી તેમજ તેઓને ધકકામુકકીમાં પડી જવાથી ઈજા થયેલ છે તેમજ તેઓને ઘરમેળે સમાધાન થઇ ગયેલ છે જેથી કેસ આગળ ચલાવવા માંગતા નથી કે કોઇ વિશેષ પુરાવો આપવા માંગતા નથી તેમજ પોલીસે તૈયાર કાગળોમાં અંગુઠો કરાવી લીધેલ છે અને તેઓને કાંઇ વાંચી સંભળાવેલ નથી તેમજ કોઇના હાથમાં કોઇ હથિયાર ના હતુ. વધુમાં આ કામે સાહેદ ભીનીબેન કાળાભાઇ પંપાણીયાને આંક–પ૬ થી તથા સાહેદ અરશીભાઇ ભગવાનભાઇ પંપાણીયાને આંક–પ૭ થી તપાસેલા છે, પરંતુ તેઓએ પોતાના પોલીસ રુબરુના નીવેદનથી વિરૂધ્ધની જુબાની આપેલ છે. જયારે આરોપી તર્ફેની ઉલટતપાસમાં સાહેદોએ જણાવેલ છે કે, આ કામના આરોપીઓએ તેઓની ઉપર સામે કેસ કરેલ તેમજ તેઓને સમાધાન થઇ ગયેલ છે તેમજ તેઓને કોઇએ માર મારેલ નથી કે ગાળો આપેલ નથી કે જાનથી મારી નાંખવાની ધમકી આપેલ નથી તેમજ તેઓને ધકકામુકકીમાં પડી જવાથી ઈજા થયેલ છે તેમજ તેઓને ઘરમેળે સમાધાન થઇ ગયેલ છે જેથી કેસ આગળ ચલાવવા માંગતા નથી કે કોઇ વિશેષ પુરાવો આપવા માંગતા નથી તેમજ પોલીસે તેઓનુ માત્ર નામઠામ પુછેલુ તે સીવાય બીજુ કાંઇ પુછેલ નહી કે તેઓએ કાંઇ લખાવેલ નહી તેમજ કોઇના હાથમાં કોઇ હથિયાર ના હતુ.

વધુમાં બચાવપક્ષ દ્બારા સ્થાનિક જગ્યાનુ પંચનામુ આંક–૪૮ થી, અટક પંચનામુ આંક–પ૮ થી, મેડીકલ સર્ટીફીકેટ પ૯ તથા ૬૦ થી તથા જાહેરનામુ આંક–૬૧ થી એડમીટ કરવામાં આવેલ છે, પરંતુ સદર દસ્તાવેજી પુરાવાઓ પરથી આ કામના આરોપીઓએ ફરીયાદીને ભુંડી ગાળો આપી બોલાચાલી કરી, આરોપી નં.૧ એ લાકડીથી એક ઘા ફરીયાદીને કોણીથી નીચેના ભાગે તથા વાસામાં બે ઘા મારી મુંઢ ઈજા કરી ફરીયાદીના હાથમાં ફ્રેકચર કરી તેના ખેતરમાં અપપ્રવેશ કરી, જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોવાની હકીકત જણાય આવતી નથી. વધુમાં આ કામે પક્ષકારો તર્ફે આંક–૬૨ થી સમાધાન પુરસીસ રજુ રાખી પક્ષકારોને રાજીખુશીથી સમાધાન થયેલાની હકીકત રેકર્ડ ઉપર જાહેર કરેલ છે.

**(૧૨)** આમ, રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી ફરીયાદપક્ષના કેસને કોઇ સમર્થન મળતુ નથી અને ફરીયાદી તથા સાહેદોની જુબાની

જોતા આરોપી વિરૂધ્ધ જે કલમો મુજબનો ગુનો નોંધાયેલ છે, તેના હાર્દ અન્વયે તેઓએ જુબાની આપેલ નથી તથા સદરહુ પુરાવો ધ્યાનથી વંચાણે લેતા કલમોના આવશ્યક તત્વો ફળીભુત થતા નથી. આમ, ઉપરોક્ત હકીકત જોઇએ તો જ્યાં સુધી રેકર્ડ ઉપર પુરતો પુરાવો આવે નહિ ત્યાં સુધી આ કામે આરોપીઓને તક્ષીરવાન ઠરાવાય નહિ. આ કામે નામદાર સુપિમ કોર્ટનું આ જજમેન્ટ ટાંકવું અતિ આવશ્યક છે. તે જોતા, In the case of Sharad Birdhichand Sarda v. State of Maharastra, AIR 1984 SC 1622, the Apex Court has laid down the tests which are prerequisites before conviction should be recorded, which are as under:

i. The circumstances from which the conclusion of guilt is to be drawn should be fully established. The circumstances concerned 'must or should' and not 'may be' established;

ii. The facts so established should be consistent only with the hypothesis of the guilt of the accused, that is to say, they should not be explainable on any other hypothesis except that the accused is guilty;

iii. The circumstances should be of conclusive nature and tendency;

iv. They should exclude every possible hypothesis except the one to be proved; and

v. There must be a chain of evidence so complete as not to leave any reasonable ground for the conclusion consistent with the innocence of the accused and must show that in all human probability the act must have been done by the accused.

આમ, ઉપરોક્ત નામદાર સુપ્રીમ કોર્ટનું રજુ જજમેન્ટ ધ્યાને રાખતા હાલના કામે સદર ફરિયાદ પક્ષ આરોપીઓ સામેનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય. આમ, ફરિયાદપક્ષે આરોપીઓ સામે રજુ કરેલ પુરાવાઓને આધારે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. તેવી હકીકતમાં ઉપરોક્ત કરેલ ચર્ચા રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ, બંન્ને પક્ષે રજુઆત, કાયદાકીય જોગવાઇઓ વિગેરે

ધ્યાને લઇ ઉપરોક્ત મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં. ૨ અન્વયે ઉપરોક્ત તમામ હકીકતો તથા સંજોગો ધ્યાને લેતાં ફરિયાદ પક્ષ આરોપીઓ વિરૂદ્ધનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય તેમ માની નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

(૧) આ કામના **આરોપીઓ** ૧) માલદેભાઇ રામસીભાઇ સોલંકી તથા ૨) સંજયભાઇ ઉર્ફે બાવલો રામસીભાઇ સોલંકી, બંને રહે.આંબળાશ, તા.તાલાલા, જી.ગીર સોમનાથ નાઓને ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૩૨૫, ૪૪૭, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી ક્રિ. પ્રો. કોડની કલમ–૨૪૮(૧) અન્વયે પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર કામે કબજે કરવામાં આવેલ મુદામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમાનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) પ્રત્યેક આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) મુજબ અપીલ સમય સુધીના રૂા.૧૫,૦૦૦/– ના જામીન આપવાનો હુકમ કરવામાં આવે છે.

ચુકાદો આજરોજ **તા.૦૨, માહે– જુલાઇ, સને–૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી/સિક્કો કરીને જાહેર કર્યો.

સ્થળઃ તાલાલા.
તારીખઃ ૦૨–૦૭–૨૦૨૬

**(પુષ્પરાજસિંહ નરેન્દ્રસિંહ જાડેજા)**
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ.
તાલાલા.
કોડ નં. જી.જે. ૦૧૭૩૩.